# –: ગુલિસ્તાને ઈસ્લામના ફૂલો :–

❋ વુઝૂમાં બેવે હાથો ધોઈ રહ્યા બાદ, માથાના આગલા અને પાછલા હિસ્સા પર મસહ કરવાનો હુકમ છે. બેવે હાથોની આંગલીઓને પાનીથી તર કરીને માથાના દરમિયાનમાં મુકે, પછી તેને માથાના આગલા હિસ્સા તરફ પૈશાની પર બાલ ઉગવાની જગા તક લાવે, તે બાદ દોબારહ માથાના પાછલા હિસ્સા તરફ ગરદન પર બાલ ઉગવાની જગા તક લઈ જઈ મસહ કરે. એક વક્ત મસહ કરવી લાઝિમ છે, પણ ત્રણ વક્ત કરવું તે સવાબ હાસિલ કરવા વાસ્તે બેહતર અમલ છે. ત્રણ વક્ત જ મસહ કરવાને વાજિબ ન સમઝવું જોઈએ. આ અમલ કરે તો માથાની મસહની મખ્સૂસ દોઆ "**અલ્લાહુમ્મા ગશ્શેની...**" પઢે.

❋ તે બાદ કાનની મસહ કરે. કાનના અંદર તેમજ બાહરના હિસ્સાને બરાબર પાનીથી તર કરે. ચાહે તો એક વકત કરે યા ત્રણ વક્ત કરે, પણ એક વક્ત કરવું વાજિબ છે. મસહ કરતા "**વસ્મેઅની....**" ની દોઆ પઢે. તે બાદ ગરદનની મસહ કરે. બેવે હથેલીઓને પાનીથી તર કરીને ગરદન પર મુકે અને તેને ગલા તક લાવે, આ મુજબ એક વક્ત કરે અને "**અલ્લાહુમ્મા આઅતિક....**" ની દોઆ પઢે.

❋ આખિરમાં બેવે પગો પર મસહ કરવાનું ફરમાન છે જેનું બયાન કુરઆને કરીમમાં આવેલું છે. આ ફરમાનની તશ્રીહ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ આ મુજબ કીધેલી છે, અલ્લાહતઆલા એ તે શખ્સ પર તયમ્મુમ કરીને નમાઝ પઢવી વાજિબ કીધેલી છે જેને પાની મયસ્સર ન થઈ શકતું હોય. તો વુઝૂમા જિસ્મના જે બે આઅઝા ને ધોવાનું ફરમાન છે તેને તયમ્મુમમાં મસહ કરવું વાજિબ કીધું છે, એ બે આઅઝા છે મૂઁહ અને બે હાથ. અને વુઝૂમાં જે બે આઅઝા ઉપર મસહ કરવાની હોય છે, તેને તયમ્મુમમાં સાકિત કરી (છોડી) દેવામાં આવા છે, એ બે આઅઝા છે માથું અને બે પગ.

❋ હવે જે શખ્સ નઝાફત અને ચોખ્ખાઈની માઅનાથી અને કામિલ વુઝૂમાં વધારે ફઝલ લેવાની માઅનાથી પોતાના બેવે પગોને મસહ કરી રહ્યા બાદ ધોઈ અને પાનીથી પગના આંગલાઓના દરમિયાન ખિલાલ કરે તો એ બેહતર અમલ છે. ઝિયાદહ તર લોગો ચોખ્ખાઈ, પાકી અને સફાઈ વાસ્તે આ મિસ્લ કરતા હોય છે પણ આ મુજબના ધોવાને ફરઝ ન માની લેવું જોઈએ કે, જેના બગૈર ચાલે જ નહી. અઈમ્મતે તાહેરીન (અ.સ.) ફરમાવે છે કે, પગ પર મસહ કરવું કાફી છે અને અલ્લાહના ફરમાન મુતાબિક આ કામિલ વુઝૂ છે. વુઝૂની તરતીબમાં જે આઅઝા પાછલ છે તેને આગલ કરવાથી અને જે આઅઝા આગલ છે તેને પાછલ કરવાથી આપ (અ.સ.) એ મનાઅ ફરમાવું છે. અલ્લાહતઆલાએ વુઝૂમાં જે આઅઝાનું પહેલે બયાન કીધું તેને પહેલે જ રાખે, આ વાતના બાદ કે પૈશાબ-સંડાસ કરી રહ્યા બાદ ઈસ્તિન્જા કરી લે જે મુજબ હમેં વુઝૂની તરતીબમાં આગલ બયાન કરી ચુકા છે, તે બાદ મૂઁહને ધોઈ, તે પછી બેવે હાથોને ધોઈ, માથાની મસહ કરે અને પછી બેવે પગની મસહ કરે.

❋ પગની મસહ કરી રહ્યા બાદ તેને ધોવું હોય તો ફક્ત ઉપરથી પાની નાખી દેવું કાફી નથી, મગર પગને ખૂબ મસલીને ધોઈ. પહેલે જમણા પગની મસહ કરે તે બાદ ડાબા પગની મસહ કરે. ડાબાને જમણા પગ પર મુકદ્દમ ન કરે, હવે જે શખ્સ જાણી જોઈને વુઝૂની તરતીબમાં ફેરફાર કરશે તેની વુઝૂ ફાસિદ થઈ જાશે. ફાસિદ વુઝૂના સબબ તેની ઈબાદત પણ નાકિસ અને કુસૂરવાલી થઈ જાશે. અગર કોઈ શખ્સ ભુલથી યા બેખબરીમાં વુઝૂ દરમિયાન કુસૂર કરે, અને નમાઝ પઢી લે તો તેની નમાઝ દુરૂસ્ત અને કામિલ છે.

❋ બેવે પગની મસહ એક વક્ત કરે; તેમાં જમણા પગના પંજાને નીચેના નોકદાર હાડકા તક મસહ કરે અને "**અલ્લાહુમ્મા સબ્બિત કદમૈયા....**" ની દોઆ પઢે. તે બાદ ડાબા પગની મસહ કરતા "**યૌમા તોસબ્બેતો....**" ની દોઆ પઢે. અઈમ્મતે તાહેરીન (અ.સ.) એ ફરમાવું કે, વુઝૂને એક જ વારમાં પૂરી કરવી જોઈએ, અધુરી યા રહી-રહીને વુઝૂ કરવી બરાબર નથી. જો કોઈ શખ્સ તકલીફના સબબ દરમિયાન માંથી વુઝૂ મુકી દે અને વુઝૂ કીધેલા આઅઝા પરથી પાની સુકાઈ જાય તો તેને શુરૂથી વુઝૂ કરવી પડે, અને જો પાની સુકાયું ન હોય તેમજ પોતાના કામથી ફારિગ થઈ જાય તો જહાઁથી વુઝૂ છોડી હોય વહાઁથી વુઝૂ પૂરી કરે અને નમાઝ પઢી લે. ★

❋ અઈમ્મત (અ.સ.) એ વુઝૂને કામિલ કરવામાં રગબત બતાવી છે અને કામિલ વુઝૂનો આધાર કઈ વધારે પાની વાપરવા પર નથી. આ હાલતમાં કે, વુઝૂ કરવાની માઅરેફત ન હોય. જે શખ્સને બેહતર તરીકાથી વુઝૂ કરવાની માઅરેફત છે તે થોડા પાનીથી પણ ખૂબ ઉમદા તૌર પર વુઝૂ કરી લે છે અને જેને સમઝ નથી તે ઘણા પાનીથી પણ કામિલ વુઝૂ નથી કરી શકતો. વુઝૂ અને ગુસ્લ કરવામાં કેટલી મિકદારમાં પાની જોઈએ તેની કોઈ હદ બંધી નથી મગર વુઝૂ કરનારને જોઈએ કે ધોવાના આઅઝા પર પાનીને બરાબર ફેલાવે અને બેવે હાથથી તેને પાનીને સાથે મસહ કરે અને મસલે. મસહ કરવાના આઅઝા પર ભીગા હાથને ફેરવે જેથી જેટલી ઝરૂરત હોય એટલું પાની તે આઅઝાને પહોંચે.

❋ મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) અલ્લાહતઆલાના આ કૌલ કે, "**વમ્સહૂ બેરોઊસેકુમ વ અરજોલેકુમ ઇલલ કાઅબૈન**", ની તફસીરમાં ફરમાવે છે કે, આ આયતમાં "બેરોઊસેકુમ" માં "બે" છે જેની માઅના વાઝેહ છે કે મસહ માથાના થોડા જ હિસ્સા પર વાજિબ છે. આ ચીઝની સાબિતી વાસ્તે આપે તયમ્મુમ વાસ્તેનો અલ્લાહનો આ કૌલ ફરમાવો કે, "**ફમસહૂ બેવોજૂહેકુમ વ અયદીકુમ મિન્હો**", તે પાક માટીથી મોં અને હાથના બાઝ હિસ્સા પર જ મસહ કરવાનું વાજિબ કીધું છે, સબબ કે અલ્લાહ જાણે છે કે માટીનો ગુબાર પૂરા મોં અને હાથ પર લગાવાય એ મુમ્કિન નથી. તો આ જ મિસ્લ વુઝૂમાં પણ માથા અને પગની મસહનો હુકુમ છે.

❋ અઈમ્મત (અ.સ.) એ ફરમાવું છે કે, જે શખ્સનો હાથ યા પગ તુટેલો હોય તો વુઝૂ કરવાને વક્ત જેટલો આઅઝા બાકી હોય તેને ધોઈ લે. બીમાર શખ્સ આઅઝાને ધોઈ નહીં અગર તે કરવાથી એને મઝર્રત અને તકલીફ થાતી હોય. જો કોઈ આઅઝા પર પટા બાંધેલા હોય તો તેના ઉપરથી મસહ કરી લે અને વુઝૂને તમામ કરે.

❋ તમામ ઈમામનો આ વાત પર ઈત્તેફાક છે કે, વુઝૂ કરે તે વક્ત પગના મોઝા ઉતારી નાખે અને મોઝા ઉપર પગની મસહ કરવું વુઝૂને નાકિસ બનાવી દે છે. વાજિબ વુઝૂમાં તો અલ્લાહના ફરમાન મુતાબિક બેવે પગ પર જ મસહ કરવી જોઈએ ન કે મોઝાઓ ઉપર. મૌલાના જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "**તકીયો**" મારૂં દીન છે અને મારા બાવાજીઓનું દીન છે. "તકીયો" યાઅની એવો મૌકો જેમાં જાનને ખતરો હોય જેથી અકીદાને ઝાહિર કરવામાં ન આવે. આપ (અ.સ.) ફરમાવે છે કે, ત્રણ ચીઝમાં તકીયો ન કરવો જોઈએ. **(૧) નશા અને છાક વાલી ચીઝને પીવામાં, (૨) વુઝુમાં મોઝા ઉપર પગની મસહ કરવામાં અને (૩) ફરઝની નમાઝમાં "બિસ્મિલ્લાહ" ને ઝાહિરી પઢવાને મુકવામાં.** યાઅની મુમિન પર વાજિબ છે કે, ઉપરની ત્રણ ચીઝો વાસ્તે કોઈ ખૌફ રાખા બગૈર પોતાના અકીદાનો ઈઝહાર કરે. કોઈ પણ હાલતમાં શરાબ યા કોઈ નશાવાલી ચીઝ પીએ નહીં, મોઝા પર મસહ કરે નહીં અને "બિસ્મિલ્લાહ" ને મનમાં પઢે નહીં. ★

❋ અઈમ્મત (અ.સ.) એ ફરમાવું કે, જે શખ્સ મોઝા ઉપર મસહ કરવાને જાઈઝ સમઝતો હોય એના પાછલ નમાઝ પઢવી જાઈઝ નથી, સબબ કે એ શખ્સની નમાઝ તહારત બગૈરની છે. જે શખ્સ વુઝૂના આઅઝામાંથી એક ને પણ છોડી દે તો એની તહારત (વુઝૂ) પૂરેપૂરી નથી, નાકિસ છે. હવે જેની તહારત કામિલ નથી તો એની નમાઝ પણ જાઈઝ નથી. જે કોઈ એવા શખ્સની નમાઝથી નમાઝ પઢે તો એની પણ નમાઝ નમાઝ નથી. અલબત્તા મોઝા ઉપર મસહ કરવું તે વક્ત જાઈઝ કહેવાય જેમાં બેવે પગમાં કોઈ ઈલ્લત હોય, બીમારી હોય જેના સબબ એના પર પાની ન લગાવી શકાય. લેહાઝા ઝરૂરત અને કોઈ માઅકૂલ સબબના લીધે મોઝા ઉપર મસહ કરવું જાઈઝ છે, જેમ ઝખ્મ પર બાંધેલા પટા ઉપર મસહ કરવાનું ફરમાન છે.

❋ વુઝૂ કરનાર અગર બા-વુઝૂ હોય, તહારતની હાલતમાં હોય અને હદસ ન કીધો હોય પણ ફક્ત ફઝલો સવાબ તલબ કરવાના ગરઝથી પાછી વુઝૂ કરવા ચાહે તો એવી હાલતમાં એના પર વુઝૂ વાજિબ તો નથી પણ જો વુઝૂ કરે અને તેમાં અમુક આઅઝાને ધોઈ અને અમુકને મુકી દે તો એમાં કઈ હરજ નથી. યાઅની કે અગર તે મોઝા પર મસહ કરી લે તો ચાલે. **મૌલાના ઇમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે કે, જે મુજબ મોઝા ઉપર મસહ ન થઇ શકે તેમ પાઘડી, ટોપી, ઓઢણી યા કોઇ પણ ઝાતના પાપોશ (ચંપલ યા બુટ) પર પણ મસહ ન થઇ શકે.**

❋ અલ્લાહતઆલા કુરઆને પાકમાં મુમેનીન વાસ્તે પાનીને નાઝિલ કરવા બાબત ફરમાવે છે કે, "**વઅન્ઝલ્ના મિનસ્સમાએ માઅન તહૂરા**" યાઅની હમેં આસ્માનથી પાક પાનીને ઉતારૂં. બીજી આયતમાં ઝિક્ર છે કે, "**વ યોનઝ્ઝેલો અલયકુમ મિનસ સમાએ માઅન લેયોતહહેરકુમ બેહી**" યાઅની અલ્લાહ તમારા ઉપર પાનીને વરસાવે છે જેથી તમને એનાથી પાક કરે. એક બીજી જગા પર અલ્લાહ ફરમાવે છે કે, "**ફઇન લમ તજેદૂ માઅન ફતયમ્મમૂ સઇદન તૈયેબન**" યાઅની અગર તમને પાની ન મીલે તો પાક માટીથી તયમ્મુમ કરો.

❋ રસૂલુલ્લાહ બાવાજીએ ફરમાવું કે, પાની તો પાક જ હોય છે અને એને પાક કરવામાં આવતું નથી. આપ (સ.અ.વ.વ.) દરિયાના પાનીની ઝિક્ર કરતા ફરમાવે છે કે, દરિયાનું પાની પાક છે જેનાથી વુઝૂ થઈ શકે છે. દરિયાનું મુરદાર હલાલ છે યાઅની જમવાના કામમાં લઈ શકાય. મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, જે શખ્સને દરિયો પાક ન કરી શકે તો એ હરગિઝ પાક થઈ શકતો નથી.

❋ પાક પાનીની ત્રણ શરતો છે : (૧) એમાં ખુશ્બૂ યા બદબૂ ન આવતી હોય. (૨) એનો રંગ ન બદલાયો હોય. (૩) એમાં સ્વાદ-ઝાયેકો ન આવતો હોય. મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, વહેતું પાની પાક છે પછી તે નદીનું હોય કે નહેરનું હોય કે ઝરણાનુંહોય યા એના મિસ્લનું હોય. આ વહેતા પાનીમાં મુરદાર જાનવર, કચરો યા ખૂન વેહતું હોય તો તે પાનીથી વુઝૂ થઈ શકે છે અને પીવાના કામમાં પણ લઈ શકાય છે. આ પાનીને કોઈ ચીઝ નાપાક કરી શકતું નથી જહાઁ તક ઉપર બતાવવામાં આવેલી પાક પાનીની ત્રણ શરતોને બરખિલાફ પાનીમાં બદલાવ આવે.★

❋ મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને એક એવી કુશાદા પાનીની ટાંકીનો સવાલ થયો જે મસ્જિદને કરીબ હતી અને નમાઝીઓ એમાંથી વુઝૂ કરતા હતા અને બીજા આસપાસના લોગો પણ એમાંથી ઘરકામ વાસ્તે પાનીનો ઈસ્તેઅમાલ કરતા હતા, એ તરહથી કે હૈઝદાર બૈરો એ ટાંકીમાં હાથ નાંખી બધી ચીઝો ધોતી હતી અને નાના બચ્ચાઓ પણ એમાં હાથ નાંખતા હતા. આપ (અ.સ.) ને પૂછનારે પૂછ્યું કે, શું આવી ટાંકીના પાનીથી વુઝૂ થઈ શકે છે ? આપે ફરમાવું કે, એ પાનીથી વુઝૂ કરી શકાય છે સબબ કે, કોઈ પણ ચીઝ એને નાપાક કરી શકતી નથી જહાઁ તક તે પાનીની મિકદાર કરતા વધી ન જાય.

❋ આપ (અ.સ.) ને એવા તાલાબનો સવાલ થયો જે કરીયા (ગામડા) ને કરીબ હતું અને એક કિનારા પર ગામના લોગો એમાં કચરો નાંખતા હતા, ઢોર-ચોપાયા એમાં નજાસત અને પૈશાબ કરતા હતા, નાના બચ્ચાઓ એમાં રમતા હતા અને બૈરાઓ કપડા-વાસણ ધોતા હતા. આપ (અ.સ.) એ ફરમાવું કે, અય સવાલ કરનાર શખ્સ, તું એ પાનીની જાંચ-પડતાલ કર, બરાબર તફતીશ કર અને જો એ પાનીનો **રંગ, બૂ અને ઝાએકો** ન બદલાયો હોય તો તું એનાથી વુઝૂ કરી શકે છે.

❋ અલ્લાહતઆલા કુરાઆને શરીફમાં ફરમાવે છે કે, "**વમા જઅલા અલયકુમ ફિદ્દીને મિન હરજિન,**" યાઅની અલ્લાહએ શરીઅત અને દીનના અરકાન તથા ફરાઇઝ-વાજેબાત એ મુજબ બનાવેલા છે જેના પર અમલ કરવા તરફ ઈન્સાની તબીઅત ઈજાઝત આપતી હોય. આમ ઈન્સાની તબીઅત અને તાકતના ખિલાફ શરીઅતમાં કોઈ એવી ચીઝ ફરઝ કરવામાં આવી જ નથી જેને અદા કરવામાં કોઈને બોજ લાગે યા કરાહીયત મેહસૂસ થાય.

❋ આપ (અ.સ.) ને એવા તાલાબનો સવાલ થયો જેમાં ખૂનવાલું મુરદાર જાનવર પડેલું હોય. આપે જવાબમાં કહ્યું કે, અગર તે ચીઝ પર પાની ગાલિબ હોય અને મુરદારની કોઈ વાસ ન મારતી હોય તો પછી એનાથી વુઝૂ થઈ શકે છે. આ જ મિસિલ આપને સવાલ થયો કે, એવું તાલાબ કે જેમાં જાનવરો પૈશાબ કરે, કૂતરાં એમાં આવે-જાય, જનાબતદાર મરદો અને હૈઝદાર બૈરો એમાં ગુસ્લ

કરે તો એવા પાની વાસ્તે શું હુકમ ? આપ (અ.સ.) એ ફરમાવું કે, અગર પાની એક કુર્રા ની મિકદારનું હોય તો કોઈ પણ ચીઝ એને નાપાક કરી શકતી નથી. એક કુર્રા યાઅની **બે ઝિરાઅ** (હાથ) લંબુ, **બે ઝિરાઅ** પહોલું અને **બે ઝિરાઅ** ઊંડું. જે વક્ત પાની આ મિકદારમાં હોય તો એમાં કોઈ પણ નજાસત પડે તો એને નાપાક કરી શકતી નથી જહાઁ તક એના સ્વાદમાં, રંગમાં અને ગંધમાં ફરક આવે. ★

❋ રિવાયત છે કે, એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અસ્હાબ સાથે સફર પર નીકલા અને સફરના દૌરાન એક મોટા તાલાબને નઝદીક ઉતરા. એક જાનિબ પોતાના જાનવરો એ તાલાબના પાનીમાં પૈશાબ અને નજાસત કરતા હતા અને બીજી જાનિબ ખુદ રસૂલે અકરમ (સ.અ.વ.વ.) અસ્હાબ સાથે એ જ પાનીમાં ગુસ્લ કરતા હતા, વુઝૂ કરતા હતા અને એને પીતા પણ હતા. આ અમલે નબવીથી એ સાબિત થાય છે કે, જો પાનીની મિકદાર ઉપર જણાવેલી પાક પાનીની શરત (બે ઝિરાઅ લંબુ, બે ઝિરાઅ પહોલું અને બે ઝિરાઅ ઊંડું) કરતા વધારે હોય અને તે તાલાબ જેવું થમેલું પાની હોય અને એમાં એક બાજું જાનવરો નજાસત કરતા હોય યા બીજી કોઈ ચીઝ વાસ્તે એ પાનીનો ઈસ્તેઅમાલ થાતો હોય તો એમાં ગુસ્લ યા વુઝૂ કરવામાં કોઈ હરજ નથી.

❋ આ તમામ બયાનીથી મકસદ એ જ છે કે, પાની જે વક્ત સાફ અને ચોખ્ખુ હોય અને કોઈ નાપાકીઓ એમાં ઝાહિર ન થાતી હોય તો એ પાનીનો હુકમ વહેતા પાની મુજબ છે જેનાથી તહારત અને પાકી હાસિલ કરવાનો અલ્લાહ અને એના રસૂલ (સ.અ.વ.વ.) એ મુબાહ (જાઈઝ) કીધેલું છે. હવે જે પાનીમાં નજાસત એટલી હદ તક વધી જાય કે પાની પોતાની અસલીયતને ખોઈ નાખે અને એમાં નાપાકી બિલકુલ ઝાહિર થઈ જાય તો એવા પાનીનો હુકમ નાપાક પાનીનો છે જેને કોઈ કામમાં લઈ ન શકાય.

❋ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, એવું પાની કે જેનો રંગ નજાસત બગૈરની કોઈ ચીઝથી બદલાય જાય જેમ કે જૂનું થઈ જાવાના સબબ એના પર લીલ થઈ જાય યા એમાં ઝાડના પાંદડાઓ પડવાના સબબ એના પર પાંદડાનું પડ જામી જાય યા એવી કોઈ ચીઝ પડી જાય જે નજાસત ન હોય જેથી એ પાની ગંદુ થઈ ગયું હોય એવું લાગે તો પણ એ પોતાની અસલીયત અને તહારત પર છે. જે ચીઝો પડી હોય એને હટાવીને એ પાનીથી વુઝૂ યા ગુસ્લ થઈ શકે છે. પાની નાપાક થાય છે, ફક્ત નજાસતની નાપાકીના સબબ.

❋ આ જ કાનૂન ઉપર તે કૂવાનો પણ હુકમ છે જેમાં કોઈ જાનવર પડીને મરી જાય. જાનવરના મરી જાવાથી અગર કૂવાના પાનીના રંગ, સ્વાદ કે ગંધમાં કોઈ ફરક આવે તો તેમાંથી બીગડી ગયેલું પાની નીકાલી નાંખે. આમ કરવાથી જો તેનો તગય્યુર-બદલાવ દૂર થઈ જાય અને પાની દોબારહ સહી હાલત પર આવી જાય અને તેમાં ઝરા પણ નજાસતનો અસર માઅલૂમ ન પડે તો તે વક્ત કૂવાનું પાની પાકો સાફ કહેવાય. ★

❋ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને નઝદીક પાનીની પાકી વાસ્તે એક મસ્અલો પૈશ કરવામાં આવો, જેના જવાબમાં આપે ફરમાવું કે, જે પાનીમાંથી વેહશી જાનવરો યા કૂતરા-બીલાડી યા ઢોર-ચોપાયા યા યહૂદી-નસ્રાની-મજૂસી પોતાનું મૂઁહ લગાવીને પાની પીયે અને આ દૌરાન એનું લુઆબ (થુંક યા ઝબાનની રાલ) એ પાનીમાં પડે અને તે લુઆબ પાનીમાં કોઈ બદલાવ ન લાવે અને પાની તેની અસ્લી હાલત પર રહે તો તેનાથી વુઝૂ યા ગુસ્લ કરી શકાય છે.

❋ આ તમામ મસાઈલમાં એક જ હુકમ છે અને તેની બુનિયાદ એ જ છે,જે મુજબ અલ્લાહતઆલા ફરમાવે છે કે, અસલમાં પાની તો પાક જ હોય છે પછી જે વક્ત કોઈ નજાસત એમાં ઝાહિર થઈ અને તેનાથી પાનીની અસ્લીયતમાં કોઈ ફરક નમૂદાર ન થયો તો તેનો હુકમ પાક પાની નો છે. હવે જો નજાસત એના પર ગાલિબ થઈ ગઈ અને પાની તેની અસ્લીયતને ખોઈ બેસું તો તેનો હુકમ નાપાક પાની નો ગણાશે જેનાથી વુઝૂ યા ગુસ્લ યા કોઈ પણ ઝાતની તહારત થઈ શકે નહીં. આ સિવાય પાક પાની વાસ્તેના કોઈ પણ બયાન ફાસિદ અને ગૈરમુનાસિબ છે.

❋ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં જનાબતના ગુસ્લ વાસ્તે ફરમાવે છે કે, **"વઇન કુન્તુમ જોનોબન ફત્તહહરૂ"** યાઅની કે કિતાબુલ્લાહથી સાબિત થયું કે અગર તમેં જનાબતદાર થાવ તો ગુસ્લ કરો. આ મુજબ પાક થાવાના ફરમાન પર તમામ અહલે ઈસ્લામનો ઈત્તેફાક છે. મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત જનાબતવાલો ગુસ્લ કરે અને એના તે ગુસ્લની નિય્યત જનાબતની ન હોય અને એ દસ મરતબા પણ ગુસ્લ કરે તો પણ તે નાકાફી છે અને એ નાપાકીની હાલતમાં શુમાર થાશે.

❋ અઈમ્મતે તાહેરીન (સ.અ.) ફરમાવે છે કે, જનાબતનો ગુસ્લ તે વક્ત વાજિબ થાય છે જે વક્ત મરદ તેના બૈરો સાથે મુજામેઅત કરે યાઅની બેવેની શરમગાહ એક જગા જમાઅ થાય. **જનાબતનો ગુસ્લ કરતા પહેલા વુઝૂ કરે જેમાં ઇસ્તિન્જા કરવી અને શરમગાહની નાપાકીને બરાબર પાનીથી સાફ કરવી લાઝિમ છે.** પછી પૂરા બદનને પાની પહોંચાવે, હાથથી બરાબર ઘસે, બાલોને ભીગાવે, માથાની ચામડી પર બરાબર પાની પહોંચાવે, જિસ્મના તમામ આઅઝામાં જહાં જહાં તેનો હાથ પહોંચે વહાં ફીરાવે અને ઝરા પણ કોઈ જિસ્મનો હિસ્સો બાકી ન રહેવા દે મગર ત્યાં પાનીને પહોંચાવે અને પાની સાથે હાથ પણ ફીરાવે. ગુસ્લ કરવામાં પાનીની કોઈ મિકદાર મુકર્રર કરવામાં આવી નથી. ફક્ત એ જ ધ્યાન રાખ કે ગુસ્લ કરતા પહેલા કામિલ તૌર પર વુઝૂ કરે, શરમગાહ અને નાપાકીને સાફ કરે, નિય્યત લે, તમામ બદનને પાનીથી તર કરે, હાથ ફીરાવી તેને બરાબર ધોઈ તો એ શખ્સનો ગુસ્લ તમામ થયો અને એને તહારતની સૂરત ઈખ્તેયાર કીધી.

❋ ઈમામ (અ.સ.) થી એ પણ બયાન આવેલું છે કે, જનાબતવાલો શખ્સ પાનીમાં ડુબકી મારે અને બદનના તમામ આઅઝાને પાનીથી બરાબર સાફ કરે, તે બાદ વુઝૂ કરે; જનાબતના ગુસ્લની નિય્યત લે અને ઉપર બયાન કરવામાં આવેલા કાનૂન મુજબ અમલ કરે તો એ શખ્સ પાક થઈ ગયો.

દાઅવતના મરકઝ તરફથી "અલ-મિસ્બાહ" નામની કિતાબ શાયેઅ કરવામાં આવી છે જેમાં ગુસ્લોની બયાની નિય્યત સાથે તફસીલવાર કરવામાં આવી છે. મુમેનીન આ કિતાબનો મુતાલેઓ કરીને પાકી અને તહારતની મુખ્તલિફ સૂરતો પર ગૌર કરી બરાબર તેને સમઝે. સબબ કે રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, **"લા સલાતા ઇલ્લા બેતહૂરિન"** યાઅની તહારત-પાકી બગૈર કોઈ ઈબાદત કુબૂલ થાતી નથી. ★

❋ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, કેટલાક ગુસ્લો ફરઝના છે અને કેટલાક ગુસ્લો સુન્નતના છે. જે ગુસ્લો ફરઝના છે તેમાં જનાબત, હૈઝ, સુવાવડ, કાફિર જે વક્ત મઝહબે ઈસ્લામમાં દાખિલ થાય તેનો ગુસ્લ, મજનૂન (પાગલ) જે વક્ત ઝહની તૌર પર સહી થાય તેનો ગુસ્લ, બેહોશ શખ્સ જે વક્ત હોશમંદ થાય તે ગુસ્લ, મૈયતનો ગુસ્લ, અને જે શખ્સનું પૂરૂં બદન નાપાકીથી ગંદુ થઈ ગયું હોય તેનો ગુસ્લ શામિલ છે. **ફરઝના ગુસ્લને ઉતારવામાં કોઇ કુસૂર કરવો જોઇએ નહીં કેમકે તહારત-પાકી બગૈર કોઇ ઇબાદત બારગાહે રબ્બાનીમાં કુબૂલ થાતી નથી.**

❋ સુન્નતના ગુસ્લો આ મુજબ છે. આ ગુસ્લો ઉતારવા પર તાકીદથી અમલ કરવો જોઈએ. અગર કોઈ વજેહથી ન થઈ શકે તો એમાં કોઈ હરજ નથી. યૌમુલ જુમ્આનો ગુસ્લ, ઈદુલ ફિત્ર અને ઈદુલ અઝહાનો ગુસ્લ, હજ્જ અને ઉમરહ વાસ્તે એહરામ બાંધવાનો ગુસ્લ, મક્કએ મોઅઝઝમા, મદીનએ મોનવ્વરા અને હરમમાં દાખિલ થાવાનો ગુસ્લ, અરફા અને ગદીરે ખુમના દિનનો ગુસ્લ, મૈયતને ગુસ્લ આપનારનો ગુસ્લ, ફાઝિલ રાતોના ગુસ્લ, રમઝાનુલ મોઅઝઝમની ૧૭મી, ૧૯મી, ૨૧મી, અને ૨૩મી રાતોના ગુસ્લ, આ તમામ ગુસ્લો સુન્નતમાં શુમાર થાય છે. ફાઝિલ રાતો હોય તો મગરિબની નમાઝ ને કરીબ ગુસ્લ કરવાને પસંદ કરવામાં આવું છે અને સવાબની રગબત બતાવવામાં આવી છે કે, એ રાતોને નમાઝોથી ઝિંદા કરે અને એ રાતોની શાનમાં એ વાતો કહેવામાં આવી છે જે વાતો લયલતુલ કદ્રની શાનમાં કહેવાય છે.

❋ ઈમામ (અ.સ.) થી બયાન આવેલું છે કે, અગર કોઈ શખ્સએ જનાબતના ગુસ્લમાં વુઝૂ ન કીધી હોય અને એને ફક્ત પોતાના હાથને વુઝૂના આઅઝા પર ફીરાવા હોય અને સાથે વુઝૂની નિય્યત પણ કીધી હોય તો એનું આ મુજબનું કરવું ગુસ્લને તમામ કરી દે છે. ગુસ્લની "તબ્ઈઝ" ન કરે યાઅની કે ગુસ્લ ને અડધો છોડી ન દે, અગર કોઈ શખ્સ આ મુજબ અમલ કરે તો તેને પાછો ગુસ્લ કરવો પડે.

❋ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.)થી રિવાયત છે કે, "આપે જે વક્ત જનાબતનો ગુસ્લ કીધો અને ગુસ્લથી આપ ફારિગ થયા તો આપની નઝર આપના બદન મુબારકના એક એવા હિસ્સા ઉપર પડી કે ત્યાં પાની પહોંચું ન હતું, તો આપે આપના ભીગા બાલની ભીંગાશ લઈને તે સુકી જગાને હાથ ફેરવી ભીગી કરી દીધી. આનો મતલબ એ થાય કે, **ફરઝના ગુસ્લ કરતી વક્ત બદનનો કોઇ પણ હિસ્સો કોરો ન રહી જાવો જોઇએ.**

❋ અઈમ્મત (અ.સ.) થી બયાન છે કે, જે શખ્સના બદન પર કોઈ ઝખમ હોય યા ગુમડા થયા હોય યા ફોડા, ફુન્સી, દાના યા ચામડીની બીમારી હોય અને ગુસ્લ કરવાની ઝરૂરત પડે અને પાનીથી બદનને ધોવામાં કોઈ મઝર્રત કે તકલીફ ન થતી હોય તો ગુસ્લ કરી લે. હવે એવી હાલત હોય કે બદન ઉપર હાથ ફીરાવવાથી ચામડીની બીમારી વધવાનો ખૌફ હોય યા ઝખમમાં તકલીફ પહોંચતી હોય તો ફક્ત તે જગા ઉપર પાનીથી તર કરેલો હાથ મુકીને ગુસ્લ કરે. જો આ મુજબ કરવું પણ બરાબર ન લાગતું હોય તો માથા ઉપર થી પૂરા બદન પર પાની નાંખી દે. હવે જો પાનીનો ઈસ્તેઅમાલ પણ ન કરી શકાતો હોય તો પાક માટીથી તયમ્મુમ કરી લે. ★

❋ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, **"ઇલ્તેકાઉલ ખેતાનૈન"** (મરદ-બૈરોની શરમગાહોનું જમાઅ થાવું જેને મુજામેઅત કહેવાય છે) થી બેવે પર જનાબતનો ગુસ્લ વાજિબ થાય છે પછી ભલેને ઈન્ઝાલ થાય યા ન થાય યાઅની કે, મની નીકલે યા ન નીકલે, બેવે સૂરતમાં ગુસ્લ કરવું ફરઝ છે. હવે **"ઇલ્તેકાઉલ ખેતાનૈન"** યાઅની મુજામેઅતની હદ અને શનાખ્ત એ છે કે "હશફા" (મરદની શરમગાહનું માથું) "ફરજ" (બૈરોની શરમગાહ) માં દાખિલ થઈ જાય તો બેવે પર ગુસ્લ લાઝિમ થઈ જાય, ઈન્ઝાલ થયો હોય યા ન થયો હોય. જે શખ્સ બૈરોની શરમગાહ મૂકીને મુજામેઅત કરે અને તે ઈન્ઝાલ ન કરે તો તેના ઉપર જનાબતનો ગુસ્લ વાજિબ નથી મગર એહતેલામનો ગુસ્લ કરીને પાકો સાફ થાય.

❋ જે શખ્સ સપનામાં કોઈ ચીઝ જોઈ અને ઊંઘમાં એહતેલામની હાલત પર આવે અને હુશિયાર થાય અને કોઈ ભીંગાશ એને માઅલૂમ ન પડે તો એના ઉપર ગુસ્લ વાજિબ નથી. જો કોઈ ભીંગાશનો એહસાસ થાય અને **મનીની સિફતનું પાની** જોઈ તો એહતેલામનો ગુસ્લ કરવું લાઝિમ બને અને એમ જોઈ કે ભીંગાશ થોડી જ છે અને **મઝીની સિફતનું પાની** છે તો એના ઉપર ગુસ્લ નથી ફક્ત શરમગાહને બરાબર સાફ કરીને વુઝૂ કરી લે.

❋ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, જે શખ્સ હુશિયારી અને બૈદારીની હાલતમાં, પૂરા હોશમાં ઈન્ઝાલ કરે અને શરમગાહના રસ્તેથી મની ઝાહિર થાય, ચાહે એ મુજામેઅતના સબબથી હોય યા બગૈર મુજામેઅતથી, મરદથી થાય યા બૈરોથી થાય તો એના ઉપર ગુસ્લ વાજિબ છે. અગર શરમગાહના મીલવાના સબબ મુજામેઅતથી હોય તો જનાબતનો ગુસ્લ અને ગૈર મુજામેઅતથી હોય તો એહતેલામનો ગુસ્લ વાજિબ થાય.

❋ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, **જેમ મરદોને ઊંઘમાં એહતેલામ થાય છે તેમ બૈરોને પણ થાય છે**, લેહાઝા મરદો જેમ બૈરો પર પણ એહતેલામનો ગુસ્લ ફરઝ છે. ફરક એટલો છે કે મરદમાં ભીંગાશ ઝાહિર થાય છે અને બૈરોમાં તે અકસર કરીને મખ્ફી રહે છે.

❋ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, કેટલાક મુમેના બૈરો નબીએ કરીમ (સ.અ.વ.વ.) ના ચંદ ઝૌજએ તાહેરાને નઝદીક આવીને અમુક સવાલ વાસ્તે અરઝ કીધી. તો ઝૌજએ નબી (સ.અ.) એ તે વાત વાસ્તે, આપ નબી સાહબની હઝરતમાં ઈલ્તેજા કીધી કે, યા રસૂલુલ્લાહ, આ બૈરાઓ આપને નઝદીક ચંદ સવાલો કરવા ચાહે છે, જેની ઝિક્ર કરવાથી તેઓ શરમો હયા મેહસૂસ કરે છે અને આપને નઝદીક એ કહેતા અચકાય છે. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, તેઓને કહો કે, **"સવાલને પૈશ કરે, અલ્લાહ સુબ્હાનોહુ હક્ક વાતથી શરમાતો નથી, તો પછી હક્ક વાત પૂછવામાં શરમ હોવી જોઇએ નહીં !"** તે બૈરાઓ તરફથી એમ અરઝ કરવામાં આવી કે, ખ્વાબમાં મરદોની મુજબ બૈરોને એહતેલામ થાય તો એનો શું હુકમ છે ? શું એ બૈરો પર ગુસ્લ વાજિબ થાય ખરો ?

આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "હાઁ ! એ બૈરો ઉપર એહતેલામનો ગુસ્લ ફરઝ છે. મરદના પાનીની મિસ્લ બૈરોનું પણ પાની હોય છે. લેકિન અલ્લાહતઆલાએ બૈરોના પાનીને મખ્ફી કીધું છે અને મરદના પાનીને ઝાહિર કીધું છે. જે વક્ત બૈરોનું પાની મરદના પાની પર ગાલિબ થાય તો બચ્ચું માઁ ના શિકલો શમાઇલ-મુશાબેહ પૈદા થાય; અને જો મરદનું પાની બૈરોના પાની પર ગાલિબ આવે તો બચ્ચું મરદના મુશાબેહ પૈદા થાય; અને જો બેવે જણાના પાની મોઅતદલ-બરાબર હોય તો બચ્ચું બેવેના મુશાબેહ પૈદા થાય છે. હવે જે વક્ત બૈરોથી પણ તે પાની ઝાહિર થાય જેમ મરદને નીકલે છે તો એને એહતેલામનો ગુસ્લ કરવો જોઈએ અને આ વાત ફક્ત શરારતપસંદ બદમઆશ બૈરોમાં જ હોય છે. ★

❋ અઈમ્મતે તાહેરીન (અ.સ.) એ ફરમાવું કે, જે શખ્સે મુજામેઅત (હમબિસ્તરી) કીધી હોય યાઅની કે જનાબતદાર થયો હોય યા એહતેલામ થયો હોય અને ગુસ્લ કરવાનો ઈરાદો કરે તો ગુસ્લ કરતા પહેલા એને વુઝૂ સાથે ઈસ્તિન્જા કરી લેવી જોઈએ જેથી શરમગાહ (આલએ તનાસુલ) માં બાકી રહેલી મની પૈશાબ સાથે નીકલી જાય. હવે જે શખ્સ આ મુજબ અમલ ન કરે અને બગૈર ઈસ્તિન્જા ગુસ્લ કરી લે, પછી શરમગાહ માંથી બાકી રહેલી મની ઝાહિર થાય તો એને પર ફરીથી ગુસ્લ કરવું વાજિબ બને છે.

❋ અઈમ્મતે તાહેરીન (અ.સ.) એ ફરમાવું કે, જે શખ્સે હમબિસ્તરી કીધી હોય અને જનાબતદાર થયો હોય તો એને સુઈ ન રહેવું જોઈએ તેમજ ખાવું-પીવું પણ ન જોઈએ જહાઁ તક એ જનાબતના ગુસ્લથી ફારિગ ન થઈ જાય. જે શખ્સનો દોબારહ હમબિસ્તરી કરવાનો ઈરાદો હોય તો જનાબતનો ગુસ્લ ઉતારવામાં તાખીર કરી શકે છે અને આ તાખીરને દૌરાન એ પોતાનો ઈરાદો પૂરો કરી શકે છે. આ ચીઝ તે વક્ત જ બરાબર છે કે નમાઝનો વક્ત હાઝિર ન થાતો હોય. જો નમાઝનો વક્ત હાઝિર થાતો હોય તો દોબારહ હમબિસ્તર ન થાતા એને જનાબતનો ગુસ્લ ઉતારી લેવો જોઈએ, એમાં ઝર્રા બરાબર પણ તાખીર ન કરવી જોઈએ.

❋ આપ (અ.સ.) એ ફરમાવું કે, મરદ, હૈઝદાર બૈરો સાથે મુબાશરત કરી શકે છે યાઅની તેના બદનને અડકી શકે છે યા બિસ્તર પર એકસાથે સુઈ શકે છે. મગર તેના સાથે મુજામેઅત યા જિસ્માની તઅલ્લુકાત કરી શકે નહીં. જનાબતદાર અને હૈઝદાર બૈરોને મસ્જિદમાં બેસવાનું નાપસંદ ફરમાવું છે. જનાબતદાર મસ્જિદમાંથી રાહદારીની મિસ્લ ગુઝરી શકે છે.

❋ આપ (અ.સ.) એ ફરમાવું કે, જે બૈરો એના શૌહર સાથે મુજામેઅત કરે, હમબિસ્તરી કરે યા જનાબતદાર થાય અને જનાબતનો ગુસ્લ ઉતારતા પહેલા એને હૈઝ આવી જાય, તો જે વક્ત એ હૈઝના ખૂનથી પાકો સાફ થાય તે વક્ત એક જ ગુસ્લથી એ બૈરો હૈઝ અને જનાબતથી પાક થઈ શકે છે. એને અલગ-અલગ ગુસ્લ કરવાની ઝરૂરત નથી.

❋ આપ (અ.સ.) એ ફરમાવું કે, જે વક્ત બૈરો ફરઝના ગુસ્લ ઉતારે તો પોતાના બાલને ઢીલા કરી નાંખે જેના સબબ માથાની ચામડી તક પાની પહોંચી શકે. માથાનો કોઈ પણ હિસ્સો કોરો રહી ન જાય તે વાસ્તે બૈરો બરાબર બાલને પાનીથી તર કરે. ગુસ્લ કરે તે વક્ત બૈરોએ કોઈ પણ તરહનું ઝૈવર પહેરેલું હોય અને તે ઉતારી શકાતું ન હોય તો તેને બરાબર ફીરાવીને તેને નીચેની ચામડીને પાની પહોંચાવે.

❋ આપ (અ.સ.) એ ફરમાવું કે, વુઝૂની દોઆઓ મુજબ ગુસ્લમાં પણ એ જ દોઆઓ જિસ્મના આઅઝાને પાકો સાફ કરતા-કરતા પઢી શકાય છે. પણ ગુસ્લ કામિલ થાવાનો સબબ મુકમ્મલ વુઝૂ અને તેની નિય્યત છે. ગુસ્લ કીધા બાદ બદન લુંછતા એ જ દોઆ પઢે જેને વુઝૂ કીધા બાદ આમ તૌર પર પઢવામાં આવે છે. ★

⌘ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, જે ચોપાયા જાનવરોંનો ગોશ્ત ખાવું અને દૂધ પીવું હલાલ હોય તેની નજાસત બદન યા કપડાને લાગે અને ઘણી ઓછી મિકદારમાં હોય તો તેમાં કઈ હરજ નથી. બાઝ જગાઓ પર એમ બયાન આવેલું છે કે, જે ચોપાયા જાનવરોં કચરો અને બીજી ગંદી ચીઝો ખાતા હોય અને તેની નાપાકીઓ બદન યા કપડાને લાગે તો પછી તેને બરાબર ધોવું જોઈએ.

⌘ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, વરસાદના કીચડના છાંટા જો કપડા યા બદનને લાગે તો તેમાં કઈ હરજ નથી. અગર તે વરસાદી પાનીના કીચડમાં એટલી નજાસત વધી જાય કે પાની તેની અસ્લીયતને ખોઈ બેસે તો પછી તેમાંથી ઉડેલા છાંટાને બરાબર ધોઈ નાખવું જોઈએ.

⌘ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, કોઈ શખ્સ પાક પગ સાથે પહેલા નાપાક ઝમીન પર ચાલે તે પછી પાછો પાક ઝમીન પર ચાલે તો એના કદમ પાક થઈ જાય છે. એમ પણ બયાન આવેલું છે કે, જે ઝમીન ઉપર નજાસત લાગી હોય તેના ઉપર નમાઝ ન પઢી શકાય. હવે સૂરજની ગરમીના સબબ તે નજાસત સુકી થઈ જાય અને તેમાંથી બદબૂ અને બીજી નજાસતની નિશાનીઓ મીટી જાય અને નજાસત તેની અસ્લીયત પર ન રહે તો તે ઝમીન પાક થઈ જાય છે. યાઅની તેના ઉપર નમાઝ પઢી શકાય છે.

⌘ ઈમામ (અ.સ.) એ ફરમાવું કે, કબરોના દરમિયાનમાં, બયતુલ ખલા (નજાસત કરવાની જગા) માં અને હમામખાનામાં નમાઝ પઢવું જાઈઝ નથી. જે જગા પર ચોપાયા જાનવરો રહેતા હોય, જેમકે બકરાઓ જેમનો ગોશ્ત જમવું હલાલ હોય, અને તે જગા પર નમાઝ પઢવાની ઝરૂરત પૈશ આવે તો પહેલા તેને બરાબર સાફ કરે, પછી નમાઝ પઢી શકાય છે. એવી જગાઓ જેમાં ગૈર મુસલમાન રહેતા હોય અને ત્યાં નમાઝ પઢવાની ઝરૂરત લાગે તો પહેલા તે જગાને પાનીથી બરાબર સાફ કરે, પાક કરે પછી જ નમાઝ વાસ્તે તે જગા લાયક થઈ શકે છે.

⌘ જે કપડા મુશ્રેકીન માંથી કોઈએ બનાવા હોય તો તે પહેરીને નમાઝ પઢી શકાય છે. હવે જે કપડાને કોઈ મુશ્રિક શખ્સે પહેરેલા હોય યા તેના ઉપર નજાસત યા નાપાકી દેખાતી હોય તો જહાઁ તક તે કપડાને બરાબર ધોઈ નહીં વહાઁ તક તેને નમાઝ વાસ્તે ઈસ્તેઅમાલમાં લઈ શકાય નહીં. ★